# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

અધિક જેઠ વદ - ૧૧ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

વર્ષઃ ૧૧ ● અંકઃ ૧૯૧ ● તારીખઃ ૧૧.૦૬.૨૦૨૬, ગુરૂવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060



**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૩૫૭-ઈ ત્રીજો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦


**આજનો સુવિચાર**

આ યાદશક્તિ પણ ગજબ છે કોઈ કહે તો યાદ ન રહે, અને કોઈ કહી જાય તો ભુલાતુ નથી!

## વડાપ્રધાન મોદીનો ઐતિહાસિક રેકોર્ડઃ ૪,૩૯૯ દિવસના અવિરત કાર્યકાળ સાથે દેશના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા ચૂંટાયેલા પીએમ બન્યા















વડાપ્રધાન મોદીએ ૨૬ મે ૨૦૧૪થી શરૂ કરીને સતત ૪,૩૯૯ દિવસ સુધી પદ પર રહીને પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુનો ૪,૩૯૮ દિવસનો દાયકાઓ જૂનો રેકોર્ડ તોડી ભારતના ઇતિહાસમાં સૌથી લાંબો સમય સેવા આપનાર ચૂંટાયેલા વડાપ્રધાન બનવાનું ગૌરવ હાસિલ કર્યું છે. આ અભૂતપૂર્વ સિદ્ધિ બદલ કેન્દ્રીય મંત્રીમંડળ અને ભારત મંડપમ ખાતે એકત્રિત થયેલા ૨૨ રાજ્યોના એનડીએ શાસિત મુખ્યમંત્રીઓ, નાયબ મુખ્યમંત્રીઓ તેમજ વૈશ્વિક નેતાઓએ તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. આ અવસરે પીએમ મોદીએ ૧૪૦ કરોડ દેશવાસીઓના ભરોસાને પોતાની વાસ્તવિક તાકાત ગણાવી હતી અને કોંગ્રેસના કૌભાંડયુક્ત શાસનની સરખામણીએ એનડીએ સરકારના ૧૨ વર્ષના વિકાસ કાર્યોના આંકડા રજૂ કરીને જણાવ્યું હતું કે, સાચી નીતિઓના કારણે જ દેશમાં એરપોર્ટ, એક્સપ્રેસ-વે અને મેટ્રો નેટવર્કનો વ્યાપક વિકાસ થયો છે અને ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી મુક્ત થઈને મધ્યમ વર્ગમાં પ્રવેશી ચૂક્યા છે.

# કાર્યકાળના ૧૨ વર્ષ પૂર્ણ થવા પર એનડીએ દ્વારા ભવ્ય ઉજવણી

## દેશના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા ચૂંટાયેલા વડાપ્રધાન બન્યા નરેન્દ્ર મોદીઃ જવાહરલાલ નેહરુનો ૪,૩૯૮ દિવસનો રેકોર્ડ તોડ્યો

**સમય સંદેશઃ નવીદિલ્હી**

કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવા અને ભારતના સૌથી લાંબા સમય સુધી સતત ચૂંટાયેલા સરકારના વડા તરીકેની તેમની ઐતિહાસિક સિદ્ધિની ઉજવણી કરવા માટે આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA)ની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં દેશભરના વરિષ્ઠ ભાજપના નેતાઓ, NDAના સાથી પક્ષોના નેતાઓ, મુખ્યમંત્રીઓ, નાયબ મુખ્યમંત્રીઓ તેમજ ગઠબંધનના વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો. ભારત મંડપમ ખાતે યોજાયેલી આ બેઠકમાં સરકારની પ્રાથમિકતાઓની સમીક્ષા કરવામાં આવી હતી અને ગઠબંધનની ભાવિ રાજકીય અને વિકાસલક્ષી રણનીતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ગઉઅની આ બેઠક એવા સમયે યોજાઈ છે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક મહત્વપૂર્ણ રાજકીય સીમાચિહ્ન હાંસલ કર્યું છે. તેમણે ૧૯૫૨ની પ્રથમ સામાન્ય ચૂંટણી બાદ ચૂંટાયેલી સરકારના વડા તરીકે સૌથી લાંબો કાર્યકાળ ધરાવતા ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુનો રેકોર્ડ પાછળ છોડી દીધો છે.

૨૬ મે, ૨૦૧૪ના રોજ પ્રથમ વખત વડાપ્રધાન પદની શપથ લીધા બાદ નરેન્દ્ર મોદીએ હવે સરકારના વડા તરીકે સતત ૪,૩૯૯ દિવસ પૂર્ણ કર્યા છે. આ સાથે તેઓ ચૂંટાયેલી સરકારના વડા તરીકે જવાહરલાલ નેહરુના કાર્યકાળને વટાવી ચૂક્યા છે. જોકે જવાહરલાલ નેહરુ ૧૯૪૭થી ૧૯૬૪ સુધી વડાપ્રધાન રહ્યા હતા, પરંતુ આ સરખામણી ખાસ કરીને પ્રથમ

અનુ પાના નં.૨ પર

### વડાપ્રધાન મોદીએ ભાવુક શબ્દો

**પોતાના સંબોધનમાં વડાપ્રધાન મોદીએ ભાવુક શબ્દોમાં જણાવ્યું કે લાંબા સમય સુધી દેશની સેવા કરવાનો મોકો મળવો એ તેમનું સૌથી મોટું સૌભાગ્ય છે. તેમણે કહ્યું કે ભારત માતાની સેવા કરવાનો અવસર ભગવાનની વિશેષ કૃપાથી જ મળ્યો છે. તેમના માટે દેશના લોકો ભગવાનનું સ્વરૂપ છે અને તેમણે હંમેશા જાહેર સેવાને એક આધ્યાત્મિક સાધના તરીકે જોઈ છે. તેમણે આ સિદ્ધિને સામૂહિક પરિશ્રમ અને ગઉઅના તમામ સાથીઓના યોગદાનનું પરિણામ ગણાવ્યું હતું.**

## મેટા અને રિલાયન્સ વચ્ચે ઐતિહાસિક ભાગીદારી ૮૫૫ કરોડનાં ખર્ચે જામનગરમાં બનશે ભારતનું પહેલું હાઈ-ટેક AI ડેટા સેન્ટર

### દરિયાનાં પાણીથી કૂલિંગ અને ગ્રીન એનર્જીર્થી ચાલશે જામનગરનું હાઈ-ટેક સેન્ટરઃ 'ડેટાની જેમ હવે દેશમાં એઆઈ પણ સસ્તું અને સુલભ કરીશું..': મુકેશ અંબાણીનો સંકલ્પ




**સમય સંદેશઃ જામનગર**

ભારતના ટેકનોલોજી ક્ષેત્રમાં એક મોટો માઈલસ્ટોન નોંધાયો છે. Meta અને Reliance Industriesએ ગુજરાતના જામનગરમાં દેશનું પ્રથમ વિશાળ અઈ-સક્ષમ ડેટા સેન્ટર સ્થાપવા માટે હાથ મિલાવ્યા છે. આ પ્રોજેક્ટ હેઠળ રિલાયન્સ ૧૬૮ મેગાવોટ ક્ષમતાવાળું ડેટા સેન્ટર તૈયાર કરશે, જેને મેટા લીઝ પર લેશે અને ભવિષ્યમાં તેની ક્ષમતા વધારવાની પણ યોજના છે. આ ડેટા સેન્ટર ભારતને વૈશ્વિક અઈ અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે વધુ મજબૂત સ્થાન અપાવશે.

મેટા અને રિલાયન્સ માત્ર ડેટા સેન્ટર પૂરતા મર્યાદિત નહીં રહે, પરંતુ ભારતના નાના-મોટા વેપારીઓ અને ઉદ્યોગો માટે સસ્તા અને સરળ AI સોલ્યુશન્સ પણ વિકસાવશે. આ હેતુસર 'રિલાયન્સ એન્ટરપ્રાઇઝ ઈન્ટેલિજન્સ લિમિટેડ (REIL)' નામની નવી કંપની રચવામાં આવી છે, જેમાં રિલાયન્સનો બહુમતી હિસ્સો રહેશે. બંને કંપનીઓએ શરૂઆતમાં ૮૫૫ કરોડ રૂપિયાનું રોકાણ નક્કી કર્યું છે. રિલાયન્સના ચેરમેન ખીસયતવ અળબફક્ષશનું લક્ષ્ય દેશમાં અઈ ટેકનોલોજીને પણ ઇન્ટરનેટ ડેટાની જેમ સસ્તી અને સર્વસુલભ બનાવવાનું છે.

જામનગરમાં બનનાર આ AI ડેટા સેન્ટર સંપૂર્ણપણે ગ્રીન એનર્જી પર આધારિત રહેશે. સેન્ટરને ઠંડુ રાખવા માટે દરિયાના પાણીને ડીસેલિનેશન પ્રક્રિયા દ્વારા ઉપયોગમાં લેવામાં આવશે, જ્યારે

અનુ પાના નં.૨ પર

## ગુજરાતઃ CM ઑફિસ, AMC અને RSS કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી, પોલીસમાં દોડધામ

**સમય સંદેશઃ અમદાવાદ**

ગાંધીનગર અને અમદાવાદમાં ૧૦મી જૂનથી ૩૦મી સપ્ટેમ્બર દરમિયાન અલગ-અલગ મહત્ત્વના સ્થળોએ બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી મળતાં જ પોલીસ અને સુરક્ષા એજન્સીઓ એક્શનમાં આવી ગઈ છે. કેટલાક તત્ત્વો દ્વારા જુદા-જુદા ઈમેલ આઇડી પરથી મોકલવામાં આવેલા આ ધમકીભર્યા મેઇલમાં સમયનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં મુખ્યમંત્રી ઑફિસને બપોરે ૧.૧૧ વાગ્યે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ઑફિસને બપોરે ૩.૧૧ વાગ્યે અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની કચેરીને સાંજે ૫.૧૧ વાગ્યે બોમ્બ બ્લાસ્ટ કરીને ઉડાવી દેવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર, આ ધમકીને લઈને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની દાણાપીઠ સ્થિત મુખ્ય ઑફિસ ખાતે તાત્કાલિક ધોરણે આખી બિલ્ડિંગને ખાલી કરાવી દેવામાં આવી હતી. ધમકીની ગંભીરતાને જોતાં પોલીસ કાફલો, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડ ઘટનાસ્થળે દોડી ગયા હતા. આ હાઇ-એલર્ટને પગલે શહેરના

અનુ પાના નં.૨ પર

## પાકિસ્તાની સેનાનું Mi-17 હેલિકોપ્ટર ક્રેશ, ૨૧ના મોત

**સમય સંદેશઃ ડેસ્ક**

પાકિસ્તાની સેના માટે બુધવારનો દિવસ અત્યંત આઘાતજનક સાબિત થયો છે. પાકિસ્તાન આર્મી એવિએશનનું એક શક્તિશાળી ખશ-૧૭ હેલિકોપ્ટર પાકિસ્તાનના ગેરકાયદેસર કબજા હેઠળના કાશ્મીરના મુઝફ્ફરાબાદ વિસ્તારમાં દુર્ઘટનાગ્રસ્ત થયું છે. પ્રાથમિક અહેવાલો મુજબ, હેલિકોપ્ટરે મુઝફ્ફરાબાદ નજીકથી સૈન્ય ગતિવિધિ માટે ઉડાન ભરી હતી, પરંતુ હવામાં પહોંચતાની સાથે જ તેમાં ભયાનક યાંત્રિક ખામી સર્જાઈ હતી અને પાયલટ તેના પરનો કાબૂ ગુમાવી બેઠા હતા. અકસ્માતની જાણ થતાં જ સેનાની સ્પેશિયલ રેસ્ક્યુ ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને બચાવ કાર્ય શરૂ કર્યું હતું, પરંતુ હેલિકોપ્ટરમાં સવાર કોઈ પણ વ્યક્તિ બચી શકી ન હતી.

પાકિસ્તાની સેનાના સત્તાવાર મીડિયા



પ્રભાગ એટલે કે ઇન્ટર-સર્વિસીસ પબ્લિક રિલેશન્સના હવાલાથી ત્યાંના પ્રખ્યાત રાષ્ટ્રીય અખબારે સત્તાવાર પુષ્ટિ કરી છે કે હેલિકોપ્ટરમાં સવાર તમામ સૈન્ય કર્મચારીઓના આ અકસ્માતમાં મોત નીપજ્યા છે. પાકિસ્તાની સૈન્ય દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર નિવેદન અનુસાર, શરૂઆતી તપાસમાં અકસ્માતનું મુખ્ય કારણ ગંભીર ટેકનિકલ ખામી હોવાનું બહાર આવ્યું છે. સેનાએ આ દુર્ઘટનાના મૂળ સુધી પહોંચવા અને ચોક્કસ યાંત્રિક ક્ષતિઓને પકડી પાડવા માટે હાઈ-લેવલ 'બોર્ડ ઓફ ઈન્કવાયરી'ના કડક આદેશો જારી કર્યા છે. જો કે, સેનાએ કૂટનીતિક અને આંતરિક સુરક્ષાના કારણોસર હેલિકોપ્ટરમાં કુલ કેટલા સૈનિકો અને અધિકારીઓ સવાર હતા, તેનો ચોક્કસ આંકડો હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કર્યો નથી. પાકિસ્તાન મિલિટરીમાં ખશ-૧૭ હેલિકોપ્ટર ક્રેશ થવાની આ કોઈ પ્રથમ ઘટના નથી, ભૂતકાળમાં પણ આ મૉડલ અનેક મોટી અને ઘાતક દુર્ઘટનાઓનો શિકાર બની ચૂક્યું છે. ખશ-૧૭ મૂળભૂત રીતે રશિયા દ્વારા બનાવવામાં આવેલું એક મીડિયમ-લિફ્ટ ટ્રાન્સપોર્ટ હેલિકોપ્ટર છે. તેને રશિયાના પ્રતિષ્ઠિત 'મિલ મોસ્કો હેલિકોપ્ટર પ્લાન્ટ' દ્વારા ખાસ વિકસાવવામાં આવ્યું હતું. આ હેલિકોપ્ટર રશિયાના જ જૂના અને લોકપ્રિય Mi-8 હેલિકોપ્ટરનું અત્યંત આધુનિક અને અપગ્રેડડ વર્ઝન માનવામાં આવે છે.

# મમતા બેનર્જીના ગઢમાં સૌથી મોટો ભૂકંપઃ તૃણમૂલ કોંગ્રેસના ૧૯ સાંસદો બળવાખોર જૂથમાં જોડાયા

### યુસુફ પઠાણ અને સાયોની ઘોષ સહિતના દિગ્ગજો મેદાનમાં આવતા પક્ષમાં ઊભો ફાટો

**સમય સંદેશઃ કૉલકાતા**

પશ્ચિમ બંગાળના રાજકારણમાંથી આ સમયના સૌથી મોટા અને ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે. મમતા બેનર્જીની આગેવાની હેઠળની તૃણમૂલ કોંગ્રેસ તેના ૨૮ વર્ષના ઈતિહાસના સૌથી ગંભીર અને અભૂતપૂર્વ આંતરિક વિદ્રોહનો સામનો કરી રહી છે. લોકસભામાં પક્ષના ૧૯ સાંસદો બળવાખોર જૂથમાં જોડાઈ જતાં તૃણમૂલ કોંગ્રેસ સંસદમાં ઊભા ફાટા તરફ આગળ વધી રહી છે. પક્ષ પલટા વિરોધી કાયદાથી બચવા અને સત્તાવાર રીતે અલગ જૂથની માન્યતા મેળવવા માટે સંસદીય દળની કુલ તાકાતના બે-તૃતીયાંશ સભ્યોનું સમર્થન જરૂરી છે, અને બળવાખોરો આ જાદુઈ આંકડાની બિલકુલ નજીક પહોંચી ગયા હોવાનું મનાય છે. આ હાઈપ્રોફાઈલ બળવાખોરોની યાદીમાં પૂર્વ ક્રિકેટર અને સાંસદ યુસુફ પઠાણ, સાયોની ઘોષ અને માલા રોય જેવા દિગ્ગજ નેતાઓના નામ સામેલ હોવાથી પક્ષ હચમચી ગયો છે. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી અને ત્યારબાદના સ્થાનિક સ્તરે કારમી હારનો સામનો કર્યાના ગણતરીના અઠવાડિયામાં જ દીદીના આ સામ્રાજ્યમાં મોટું ગાબડું પડ્યું છે.

અનુ પાના નં.૨ પર

# મમતા બેનર્જીને ઓફરઃ ટીએમસીને કોંગ્રેસમાં વિલય કરી દોઃ કોંગ્રેસના એક ફોનથી ખળભળાટ



### રાહુલ ગાંધી અને અભિષેક બેનર્જી વચ્ચે દોઢ કલાક મુલાકાતઃ મમતા બેનર્જીને કોંગ્રેસમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષનું પદ આપવાની વાત

**સમય સંદેશઃ નવીદિલ્હી**

પશ્ચિમ બંગાળના રાજકારણમાં હાલ એક મોટો વળાંક આવતો જોવા મળી રહ્યો છે. વિધાનસભા ચૂંટણીમાં મળેલી કારમી હાર બાદ તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) માં મોટા પાયે ભંગાણ સર્જાયું છે અને પાર્ટી પતનની અણી પર છે. આ કટોકટીના સમયમાં સોનિયા ગાંધીએ મમતા બેનર્જીને એક મોટી ઓફર આપી છે. સોનિયા ગાંધીએ મમતાને પોતાની પાર્ટી ટીએમસીને કોંગ્રેસમાં વિલય કરી દેવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેના બદલામાં તેમને કોંગ્રેસમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષનું પદ આપવાની વાત કહેવામાં આવી છે. એટલું જ નહીં, તેમના ભત્રીજા અભિષેક બેનર્જી માટે પણ પાર્ટીમાં મોટા પદની ઓફર કરવામાં આવી છે.

અનુ પાના નં.૨ પર

## અમદાવાદમાં વિશાલા-નારોલ રોડ પર મેટ્રો નજીક ભીષણ આગ, ૨૦૦થી વધુ ઝૂંપડા આગની ચપેટમાં

**સમય સંદેશઃ અમદાવાદ**

અમદાવાદ શહેરમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. વિશાલા સર્કલથી નારોલ તરફ જવાના મુખ્ય માર્ગ પર, મેટ્રો સ્ટેશનની બિલકુલ નજીક આવેલી એક વિશાળ ઝૂંપડપટ્ટીમાં ગઈકાલે બપોરના સમયે અચાનક જ ભીષણ આગ ફાટી નીકળી હતી. ધોમધખતા ઉનાળાના તાપ વચ્ચે લાગેલી આ આગ એટલી બધી ઝડપથી ફેલાઈ હતી કે જોતજોતામાં આસપાસના અનેક ઝૂંપડાંઓ તેની ચપેટમાં આવી ગયા હતા. આકાશમાં ધુમાડાના કાળા ડિબાંગ ગોટેગોટા ઉડતા જોઈને સ્થાનિક રહીશોમાં ભારે અફરાતફરી અને નાસભાગ મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને સમજીને આસપાસના સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક ધોરણે ફાયર કંટ્રોલ રૂમને આ અંગેની જાણ કરવામાં આવી હતી.

આગની ભીષણતા અને વ્યાપને જોતા અમદાવાદ ફાયર બ્રિગેડ પણ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગયું હતું. કંટ્રોલ રૂમમાં મેસેજ મળતાની સાથે જ ઘટનાસ્થળ તરફ તાત્કાલિક ધોરણે આઠ જેટલી ફાયર

અનુ પાના નં.૨ પર

## જામનગર મનપાની જન્મ-મરણ નોંધણી કચેરીમાં સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડ્યા

### સરકારના સ્વચ્છતા દાવાઓ સામે કચેરીની ગંદકીએ પોલ ખોલીઃ નાગરિકોમાં ભારે રોષ



**સમય સંદેશઃ જામનગર**

એક તરફ રાજ્ય સરકાર અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા ''સ્વચ્છ ગુજરાત - સ્વચ્છ ભારત''ના સૂત્રો સાથે વ્યાપક સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, ત્યારે બીજી તરફ જામનગર મહાનગરપાલિકાની જન્મ-મરણ નોંધણી કચેરીની હાલત આ તમામ દાવાઓને ખુલ્લો પડકાર ફેંકતી જોવા મળી રહી છે. કચેરીની આસપાસ ફેલાયેલી ગંદકી, કચરાના ઢગલા અને અસહ્ય દુર્ગંધ વચ્ચે સરકારી તંત્રની બેદરકારી સ્પષ્ટપણે દેખાઈ રહી છે. જન્મ અને મરણ જેવા મહત્વના દાખલાઓ મેળવવા માટે દરરોજ મોટી સંખ્યામાં નાગરિકો આ કચેરીની મુલાકાત લે છે. પરંતુ અહીં પહોંચતા લોકોનું સ્વાગત સ્વચ્છ વાતાવરણ નહીં પરંતુ ગંદકીના સામ્રાજ્યથી થઈ રહ્યું છે. કચેરીના પરિસરમાં કચરો વિખરાયેલો જોવા મળે છે, જ્યારે નિયમિત સફાઈના દાવાઓ માત્ર કાગળ પર જ સીમિત હોવાનું સ્પષ્ટ થઈ રહ્યું છે.

સ્થાનિક લોકો અને અરજદારોના જણાવ્યા અનુસાર કચેરીની આસપાસ લાંબા સમયથી સફાઈની યોગ્ય વ્યવસ્થા નથી. દુર્ગંધના કારણે લોકોને ઉભા રહેવામાં પણ મુશ્કેલી પડી રહી છે. વરસાદી મોસમ નજીક આવી રહી હોવાથી ગંદકીના કારણે મચ્છરો અને રોગચાળાના ફેલાવાનો ભય પણ ઊભો થયો છે. છતાં જવાબદાર અધિકારીઓની આંખો જાણે બંધ થઈ ગઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

સૌથી મોટો પ્રશ્ન એ છે કે જયારે સરકારી કચેરીઓ જ સ્વચ્છતા જાળવવામાં નિષ્ફળ સાબિત થઈ રહી છે ત્યારે સામાન્ય નાગરિકોને સ્વચ્છતા અંગે જાગૃત કરવાનો નૈતિક અધિકાર તંત્ર પાસે

અનુ પાના નં.૨ પર

## તંત્રી સ્થાનેથી..

# સંવેદનાઓનો ક્ષય !

જ્યાં માતા-પિતા સંતાનોને સમજદાર બન્યા પછી સ્વતંત્ર જીવન જીવવા માટે અલગ કરી દેતા હોય છે. વાસ્તવમાં પશ્ચિમી દેશોમાં ઘણા માતા-પિતા માની લે છે કે મોટા થયા પછી સંતાનો તેમની સંભાળ નહીં રાખે, તેથી તેઓ પહેલેથી જ અંતર રાખવાનું પસંદ કરે છે. આધુનિકતા અને પ્રગતિની કેટલીય ગાથાઓ લખવામાં આવે, છતાં ભારતીય સમાજ ક્યારેય સંપૂર્ણપણે પશ્ચિમી સમાજના માર્ગે ચાલી શકતો નથી. ભારત શ્રવણકુમારની ભૂમિ છે અને આજે પણ મોટાભાગના સંતાનો પોતાના માતા-પિતાનું ઋણ ઉતારવાનો પ્રયત્ન કરે છે અને તેમની સેવા-સંભાળ રાખે છે. જો કે, મહાનગરોની સંસ્કૃતિએ કેટલીક વિકૃતિઓને પણ જન્મ આપ્યો છે. સંતાનોની પોતાની મુશ્કેલીઓ પણ હોય છે. છતાં ભારતીય સંસ્કૃતિમાં એવી શક્તિ છે જે પારિવારિક મૂલ્યોને જીવંત રાખે છે. માતા-પિતાની સેવા, સન્માન અને વૃદ્ધાવસ્થામાં તેમની સંભાળ રાખવી માત્ર સાંસ્કૃતિક દેખાડો નથી, પરંતુ સંતાનોની નૈતિક અને કાનૂની જવાબદારી પણ છે. તાજેતરમાં અદાલતે જે કેસમાં પુત્રને પોતાની વૃદ્ધ માતાને એક ઓરડો અને અન્ય સુવિધાઓ આપવાનો આદેશ કર્યો હતો, તે ઘર વૃદ્ધાના સ્વર્ગસ્થ પતિએ જ બનાવેલું હતું. છતાં પોતાના હક્ક માટે તેમને ન્યાયિક હસ્તક્ષેપનો સહારો લેવો પડયો. આ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે કે કોઈ વૃદ્ધ માતાને આશ્રય અને આત્મસન્માન માટે પોતાના જ સંતાનો સામે અદાલતના દ્વાર ખખડાવવા પડે. નિઃસંદેહ, આ ભારતીય સંયુક્ત પરિવાર પ્રથાના પતનનું પ્રતીક છે, જેની એક સમયે પશ્ચિમી ભોગવાદી સંસ્કૃતિના સમર્થકો પણ પ્રશંસા કરતા હતા. અહીં અદાલતના સંવેદનશીલ અને ન્યાયસંગત નિર્ણયની મુક્તકંઠે પ્રશંસા કરવી જોઈએ, કારણ કે અદાલતે પુત્રની અરજી ફગાવીને તેના પર દંડ પણ ફટકાર્યો હતો. આ વધુ દુઃખદ છે કે દેશભરની અદાલતો પરિત્યક્ત અને પીડિત માતા-પિતાથી સંબંધિત વિવાદોનો સતત સામનો કરી રહી છે. વિવિધ ટ્રિબ્યુનલ અને ઉચ્ચ ન્યાયાલયોએ દુર્વ્યવહાર કરનારા સંતાનોને ઘરેથી કાઢી મૂકવાના આદેશો પણ આપ્યા છે. અદાલતોએ માતા-પિતાની સ્વઅર્જિત સંપત્તિ પર તેમના અધિકારોને જાળવી રાખીને 'વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ અધિનિયમ, ૨૦૦૭' ને વધુ મજબૂત બનાવ્યો છે. જો તેમની અવહેલના અને શોષણનો આ ક્રમ આમ જ ચાલુ રહેશે, તો શક્ય છે કે ભારતમાં પણ પશ્ચિમી દેશોની જેમ એવી પ્રથા શરૂ થઈ જાય!




# વિસાવદર-ધારી-ચલાલા બ્રોડગેજ રેલવે સુવિધા માટે જનતાનું આંદોલન તેજ

## બિનરાજકીય સહી ઝુંબેશને અભૂતપૂર્વ પ્રતિસાદ



**સમય સંદેશઃ વિસાવદર**
**(હરેશ મહેતા દ્વારા)**

વિસાવદર શહેરના જાગૃત યુવાનો તેમજ ધારી પત્રકાર સંઘ દ્વારા આજે એક મહત્વપૂર્ણ બિનરાજકીય સહી ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય ચલાલા-ધારી-વિસાવદર રૂટ પર મીટરગેજમાંથી બ્રોડગેજ રેલવે સુવિધા મેળવવાનો છે, જેથી આ વિસ્તારના આર્થિક અને સામાજિક વિકાસને નવી ગતિ મળી શકે.

આ લડતને સ્થાનિક સ્તરે ખૂબ જ મોટો જનસમર્થન મળ્યો છે. પૂર્વ ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયા, ચેમ્બર ઓફ કોમર્સના દિલીપભાઈ કાનાબાર, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય જીતુભાઈ રીબડીયા તેમજ વિવિધ રાજકીય પક્ષોના આગેવાનોએ આ અભિયાનને પોતાનું સમર્થન જાહેર કર્યું છે.

વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ વીરુ રીબડીયા તથા કિરણ ચિતલીયા જેવા અનેક યુવાનો તથા નાગરીકો પણ આ લડતમાં સક્રિયપણે જોડાયા છે. વિકાસની ગતિઃ વર્ષોથી રેલવે સુવિધાના અભાવે આ વિસ્તારનો વિકાસ રૂંધાયો છે. બ્રોડગેજ લાઈન બનવાથી વેપાર-ઉદ્યોગને વેગ મળશે. ધાર્મિક અને પ્રવાસન મહત્વઃ કનકાઈ અને સતાધાર જેવા પવિત્ર ધામો તેમજ સાસણગીર આવતા પ્રવાસીઓ માટે આ રેલવે લાઈન આશીર્વાદરૂપ સાબિત થશે.

જાગૃત નાગરિક કમલેશભાઈ શિંગાળાના જણાવ્યા અનુસાર, રેલવે વિભાગ દ્વારા આ વિસ્તાર સાથે થઈ રહેલા અન્યાય સામે હવે નવી રણનીતિ ઘડવામાં આવશે. આ સાથે જ સત્તાપક્ષના અધિકારીઓને આ પ્રોજેક્ટમાં સહયોગ આપવા વિનંતી કરવામાં આવી છે, જ્યારે વિરોધ પક્ષના આગેવાનોને પણ આ બાબતે સકારાત્મક વલણ અપનાવી સરકાર સમક્ષ પ્રશ્ન રજૂ કરવા અપીલ કરવામાં આવી છે.

# ભાણવડના ટાઉન વિસ્તારમાં જુગાર રમતા ત્રણ શખ્સો ઝડપાયા



**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડ વિસ્તારમાં અહીંના ડીવાયએસપી મીત રુદલાલની સૂચના મુજબ સ્થાનિક પી.આઈ. વી.કે. કોઠીયાની ટીમ દ્વારા ગઈકાલે મંગળવારે સાંજે હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન હેડ કોન્સ્ટેબલ જીતુભાઈ જામ, કિશોરસિંહ જાડેજા અને જયપાલસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે નગરનાકાની અંદરના વિસ્તારમાં જાહેરમાં ઓટલા પર બેસી અને ગંજીપાના વડે જુગાર રમી રહેલા મેઘજી દાના સાગઠીયા, અશરફ હબીબ કથરીયા અને મહેમુદ ગજણ નામના ત્રણ શખ્સોને પોલીસે ઝડપી લઇ, કુલ રૂપિયા ૨૦,૭૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ દરોડા દરમ્યાન અતુલ પરબત સોલંકી નામનો શખ્સ નાસી છૂટ્યો હતો. જે અંગે ભાણવડ પોલીસે જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

# પ્રેરણાદાયી કાર્યઃ જાયન્ટસ ગ્રુપ દ્વારા મેડિકલ કોલેજને અભ્યાસના પુસ્તકોનું અનુદાન


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

શાસ્ત્રોમાં અનેક પ્રકારના દાનનો મહિમા જણાવવામાં આવ્યો છે તે પૈકી વિદ્યાદાન,પુસ્તક દાનનું વિશેષ મહત્વ છે, જાયન્ટસ ગ્રુપ ઓફ જામનગર પૂર્વ જામનગર શહેર તથા જિલ્લામાં છેલ્લા ૫૨ વર્ષથી કાર્યરત છે,વર્ષ દરમિયાન સભ્યો દ્વારા,દાતાઓના માધ્યમથી અનેક સેવાકીય કાર્યો કરે છે.

પવિત્ર પુરૂષોત્તમ માસમાં સંસ્થાને અજ્ઞાત દાતા દ્વારા મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી આવે તેવા ૪૩ પુસ્તકો અંદાજીત કીંમત ૩૫ થી ૪૦ હજાર જામનગરની સૌરાષ્ટ્રની મોટામાં મોટી એમ.પી.શાહ મેડીકલ કોલેજની લાયબ્રેરીને અર્પણ કરવામાં આવ્યા. કોઈપણ એક સ્ટુડન્ટને પુસ્તકો આપવામાં આવે તો ફક્ત એક જ સ્ટુડન્ટનું મળે, કોલેજની લાયબ્રેરીને અર્પણ કરવામાં આવ્યા જેથી અનેક સ્ટુડન્ટોને ઉપયોગમાં આવી શકે તેવા શુભ આશયથી સંસ્થાના પીઆરઓ અતુલ મહેતા દ્વારા આ પ્રેરણાદાયી પ્રોજેક્ટસ રાખવામાં આવ્યો હતો.

આ સમયે પ્રમુખ આશુતોષભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ જયંતિભાઈ જીવાણી,ફેડરેશન ઓફીસર સતીશભાઈ ભટ્ટ,ખજાનચી મહેશભાઈ કલ્યાણી,સિનિયર સભ્ય વિનુભાઈ ચૌહાણ, ભરતભાઈ આશા, જયેશભાઇ ખીમસૂર્યા,એમ.પી.શાહ મેડીકલ કોલેજના ડો.નફીસા,ડીન પીએ જયેશભાઇ પરમાર, લાયબ્રેરીયન અતુલભાઈ રાયઠઠા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# ધ્રોલના લતીપર પાસે બાઈક સ્લીપ થતા સિંચાઈ વિભાગના નિવૃત્ત કર્મચારી ડાયાભાઈ તળપદાનું મોત

## મૃતક પોતાના ઘરેથી વાડીએ જતા હતા ત્યારે બનાવ બન્યો હતો, લાંબી સારવારમાં રાજકોટની હોસ્પિટલમાં દમ તોડ્યો

**સમય સંદેશઃ ધ્રોલ**

ધ્રોલ તાલુકાના લતીપર ગામે રહેતા ડાયાભાઈ હીરાભાઈ તળપદા ઉંમર વર્ષ ૬૮ ગઈ તારીખ ૨૪ મે ના રોજ લતીપર ખાતે પોતાના ઘરેથી નજીકમાં આવેલ કૃષ્ણનગરમાં આવેલી પોતાની વાડીએ જતા હતા ત્યારે કોઈ કારણોસર બાઈક સ્લીપ થઈ જતા ડાયાભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. તેઓને તત્કાલ નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. જયાંથી



રાજકોટની ખાનગી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. અહીં સારવાર દરમિયાન ગઈકાલે મોડી રાત્રે તેમનું મૃત્યુ નીપજ્યું હતું. પરિવારજનોએ જણાવ્યા મુજબ ડાયાભાઈ સિંચાઈ વિભાગમાં નોકરી કરતા હતા અને હાલ નિવૃત્ત હતા સાથે તેઓ પોતે ખેતીવાડી પણ સંભાળતા હતા. તેમને સંતાનમાં ત્રણ દીકરા અને એક દીકરી છે. રાજકોટના માલવિયાનગર પોલીસે મૃતદેહ પીએમ માટે ખસેડીને જરૂરી કાગળ કાર્યવાહી કરી હતી.

# ૧૧૫ સભ્યોની ઉપસ્થિતિમાં દ્વારકા તાલુકા પેન્શનર મંડળની વાર્ષિક સાધારણ સભા યોજાઈ






**સમય સંદેશઃ દ્વારકા**
**(બુધાભા ભાટી દ્વારા)**

દ્વારકા તાલુકા પેન્શનર મંડળની વાર્ષિક સાધારણ સભા ગત રવિવાર, તારીખ ૭-૬-૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે દ્વારકા સ્થિત 'ગોકુલ ભુવન' ખાતે ઉત્સાહભેર યોજાઈ ગઈ હતી. આ બેઠકમાં દેવભૂમિ દ્વારકા તેમજ જામનગર તાલુકા પેન્શનર મંડળના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં નિવૃત્ત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સભાના પ્રમુખ સ્થાને રાજકોટના નિવૃત્ત જિલ્લા તિજોરી અધિકારી શ્રી નરેન્દ્રભાઈ વિઠલાણી ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત, ઓખામંડળ પ્રેસ ક્લબનાં પ્રમુખ પત્રકાર બુધાભા ભાટી પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં અંદાજે ૧૧૫ જેટલા સભ્યોએ હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં મંડળના પ્રમુખ વિજયભાઈ ભાયાણીએ ઉપસ્થિત તમામ મહાનુભાવો અને સભ્યોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ કારોબારી સમિતિના સભ્યો દ્વારા આમંત્રિત મહેમાનોને મોમેન્ટો (સ્મૃતિ ચિહ્ન) અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સભામાં ઉપસ્થિત વક્તાઓએ પેન્શનરોને મૂંઝવતા વિવિધ પ્રશ્નો અને તેના ઉકેલો અંગે જરૂરી માહિતી પૂરી પાડી હતી. પ્રમુખ સ્થાનેથી નરેન્દ્રભાઈ વિઠલાણીએ પેન્શનને લગતા વિવિધ નિયમો અને ઉપયોગી બાબતોની વિસ્તૃત છણાવટ કરી સભ્યોને સચોટ માર્ગદર્શન આપ્યું હતું. સભાના દ્વિતીય ચરણમાં મંડળના મંત્રી જેઠવાભાઈએ ગત વર્ષનો પ્રગતિ અહેવાલ તથા વાર્ષિક હિસાબ રજૂ કર્યો હતો, જેને સભ્યોએ સર્વાનુમતે બહાલી આપી હતી. આ તકે પત્રકાર બુધાભા ભાટીએ ઉપસ્થિત સભ્યો સમક્ષ ઓખામંડળ અને દ્વારકાધીશ ભગવાનની ભવ્યતા અને ઈતિહાસ ની રસપ્રદ માહિતી રજૂ કરી હતી.

## અનુસંધાન

### ખનન ઝડપાયું

(પાના નં. ૪ થી આગળ)

આવી હતી. આ ઉપરાંત દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર વિસ્તારમાં સ્થાનિક પી.આઈ. આર.એન. હાથલીયાની સૂચના મુજબ પોલીસ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન ભોગાત ગામથી પીળી તળાવ વિસ્તારમાં એક ટ્રેક્ટરમાં અનઅધિકૃત રીતે રોયલ્ટી કે પાસ પરમિટ વગર માટી (મોરમ)નું ખનન કરીને નીકળેલા એક ટ્રેક્ટર નંબર જી.જે. ૩૭ એમ. ૩૪૦૬ને કબજે કરી, તેના ચાલક આનંદ ભીમા લુણા (રહે. ભોગાત) ને ઝડપી લઈને તેની સામે કલ્યાણપુર પોલીસ મથકમાં ધોરણસર કાર્યવાહી કરવામાં આવી હતી.

### પ્રગતિ પથ યાત્રા

(પાના નં. ૪ થી આગળ)

મહત્વ અને તેની વિશેષતાઓ અંગે ઝીણવટભરી માહિતી મેળવી હતી. આ પ્રગતિ પથ યાત્રા અંતર્ગત મુલાકાત લેવાયેલા તમામ સ્થળોએ ચાલી રહેલી તેમજ પૂર્ણ થયેલી વિવિધ યોજના-પરિયોજનાઓની વિગતવાર માહિતી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્થળ પર જ પ્રદર્શિત કરવામાં આવી હતી. આ સાથે જ મુલાકાતીઓને ગાઈડ દ્વારા જે-તે સ્થળના ઐતિહાસિક અને વિકાસાત્મક મહત્વની સચોટ જાણકારી પણ આપવામાં આવી હતી તેમજ નાગરિકોની સુવિધા માટે સ્થળ પર સાહિત્ય પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું હતું.

નોંધનીય છે કે, આ પ્રગતિ પથ યાત્રાના પ્રથમ તબક્કામાં સાંસદશ્રી, ધારાસભ્યશ્રીઓ, કલેક્ટરશ્રી સહિતના ઉચ્ચ અધિકારીઓ અને અગ્રણીઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે યાત્રાના બીજા તબક્કામાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, સંતો-મહંતો, પ્રતિષ્ઠિત નાગરિકો અને સમાજના વિવિધ વર્ગના લોકો જોડાઈને આ વિકાસ યાત્રાના સહભાગી બનશે. આ ગરિમામય યાત્રાના પ્રારંભે સાંસદ શ્રી પૂનમબેન માડમ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રંજનબેન જીવાણી, મેયર શ્રીમતી મોનિકાબેન વ્યાસ, ધારાસભ્યશ્રી મેઘજીભાઈ ચાવડા તથા શ્રી દિવ્યેશભાઈ અકબરી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ધીરેન મોનાણી, જિલ્લા કલેક્ટર શ્રી પી.બી. પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશા, મ્યુનિસિપલ કમિશનર શ્રી દીપેશ કેડીયા, દંડક શ્રી અમર મોદી ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત અગ્રણી શ્રી વિનોદભાઈ ભંડેરી, શ્રી બીનાબેન કોઠારી, વન વિભાગના સી.સી.એફ. શ્રી મનીશ્વરા, શ્રી અરૂણકુમાર, શ્રી અંકુર પટેલ, સ્ટેમ્પ ડ્યુટી નાયબ કલેક્ટર શ્રી આદર્શ બસેર સહિતના ઉચ્ચ અધિકારીઓ અને મહાનુભાવોએ ઉપસ્થિત રહી યાત્રાને સફળ બનાવી હતી.

### ડમ્પરની હડફેટે

(પાના નં. ૪ થી આગળ)

થઈ હતી. પુત્રી કાવ્યાનીબાને પણ શરીરે નાની-મોટી ઇજાઓ પહોંચી હતી. બનાવ બાદ સ્થાનિક લોકોની મદદથી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બંનેને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે ધર્મેન્દ્રસિંહ જાડેજાએ ડમ્પર ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ઈન્દ્રેશ્વર મહાદેવ

(પાના નં. ૩ થી આગળ)

ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમણે ભગવાન ઈન્દ્રેશ્વર મહાદેવનું પૂજન-અર્ચન કર્યું હતું અને રાજ્યની સુખ, શાંતિ તથા સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. આ ધાર્મિક પ્રસંગે ઉપસ્થિત મહિલા ભક્તો સાથે રિવાબા જાડેજા પણ રાસ-ગરબાની રમઝટમાં જોડાયા હતા. આ દરમિયાન મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું. આ તકે મહિલા મંડળ દ્વારા મંત્રીનું ગુલાલ લગાવીને સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલા ભક્તો અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### મૃત્તદેહ મળ્યો

(પાના નં. ૩ થી આગળ)

અકસ્માત મોત અંગે નોંધ કરી મૃતકની ઓળખ મેળવવા તેમજ તેના વારસદારોને શોધવા માટે કાર્યવાહી હાથ ધરી છે.

મૃતકની ઉંમર આશરે ૬૦ વર્ષ હોવાનું અનુમાન છે. હાલમાં મૃતકની ઓળખ અંગે કોઈ માહિતી પ્રાપ્ત થઈ નથી. મૃતદેહને જરૂરી કાયદેસરની કાર્યવાહી બાદ પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપવામાં આવ્યો છે.

### એનડીએ દ્વારા ભવ્ય

(પાના નં. ૧ થી આગળ)

લોકસભાની ચૂંટણી બાદના સમયગાળા સાથે સંબંધિત છે. PM મોદીએ કહ્યું કે છેલ્લા ૧૨ વર્ષોમાં ગઉઅએ દેશને સ્થિર સરકાર આપી છે, જેના કારણે દરેક ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ગઠબંધન હવે વધુ ઉત્સાહ અને સમર્પણ સાથે ''વિકસિત ભારત''ના વિઝનને સાકાર કરવા માટે આગળ વધશે.

### ડેટા સેન્ટર

(પાના નં. ૧ થી આગળ)

વીજળી માટે સોલાર અને વિન્ડ એનર્જીનો સહારો લેવાશે. મેટાએ ભારતમાં ક્લીન એનર્જી ઉત્પાદક કંપનીઓ સાથે મળીને લગભગ ૧ ગીગાવોટ નવીનીકરણીય ઊર્જા ક્ષમતા વિકસાવવાની પણ જાહેરાત કરી છે. આ પ્રોજેક્ટ ભારતને વૈશ્વિક AI ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ હબ તરીકે ઉભું કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

### બોમ્બથી ઉડાવી દેવાની

(પાના નં. ૧ થી આગળ)

તમામ સંવેદનશીલ અને જાહેર સ્થળો પર સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. કોઈપણ ઘટનાને રોકવા માટે તમામ સ્તરે કડક ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. આ મામલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત સાયબર ક્રાઇમની સ્પેશિયલ ટીમ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગઈ છે. જે ઈમેલ આઇડી પરથી આ ધમકીભર્યા મેસેજ મોકલવામાં આવ્યા છે, તેના સોર્સ અને IP એડ્રેસને ટ્રેસ કરવા માટે ટેકનિકલ સર્વેલન્સની મદદ લેવામાં આવી રહી છે.

### ગઢમાં સૌથી મોટો ભૂકંપ

(પાના નં. ૧ થી આગળ)

અગાઉ વિધાનસભામાં પણ ટીએમસીના ધારાસભ્યોએ બળવો કર્યો હતો, જે બાદ હવે દિલ્હીના સંસદ ભવન સુધી આ વિરોધની જ્વાળા પહોંચી ગઈ છે. તૃણમૂલ કોંગ્રેસમાંથી તાજેતરમાં જ રાજીનામું આપનાર વરિષ્ઠ નેતા કાકોલી ઘોષ દસ્તીદાર આ સંસદીય વિદ્રોહના મુખ્ય ચહેરા તરીકે ઉભરી આવ્યા છે. તેમણે અત્યંત આત્મવિશ્વાસ સાથે દાવો કર્યો છે કે ટીએમસીના સાંસદોનો એક ખૂબ જ મોટો વર્ગ હવે મમતા બેનજીની નીતિઓથી અલગ થવા માટે સંપૂર્ણ તૈયાર છે. જો કે, આ બળવાખોરોએ ચોંકાવનારી સ્પષ્ટતા કરી છે કે તેઓ ભારતીય જનતા (BJP) માં સીધા જોડાવાના નથી. કાકોલી ઘોષે જણાવ્યું હતું કે, ''અમે ભાજપમાં સત્તાવાર રીતે સામેલ થઈશું નહીં, પરંતુ અમે કેન્દ્રની એનડીએ (NDA) સરકારને બહારથી મજબૂત ટેકો આપીશું.''

### મમતા બેનજીર્ને ઓફર

(પાના નં. ૧ થી આગળ)

સૂત્રોના જણાવ્યા અનુસાર, સોનિયા ગાંધીએ જાતે મમતા બેનજીર્ને ફોન કરીને આ ઓફર આપી છે. તેમણે સલાહ આપી છે કે ભાજપના સતત થઈ રહેલા રાજકીય હુમલાઓથી બચવા માટે ટીએમસીનું કોંગ્રેસમાં જોડાણ કરવું એ જ શ્રેષ્ઠ રસ્તો છે. જો આમ નહીં થાય તો ભાજપ તેમને આમ આદમી પાર્ટી (આપ) ની જેમ જ હેરાન કરશે. આ ડીલ મુજબ મમતાને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પદ અપાશે, જ્યારે તેમના ભત્રીજા અને સાંસદ અભિષેક બેનજીર્ને કોંગ્રેસમાં રાષ્ટ્રીય મહાસચિવ બનાવવામાં આવશે. એવી પણ માહિતી મળી છે કે મમતા બેનર્જીએ આ પ્રસ્તાવ પર વિચાર કરવા અને અંતિમ નિર્ણય લેવા માટે થોડા દિવસોનો સમય માંગ્યો છે.

### જન્મ-મરણ નોંધણી કચેરી

(પાના નં. ૧ થી આગળ)

કેવી રીતે રહી શકે? શહેરને સ્વચ્છ બનાવવાના લાખો રૂપિયાના ખર્ચ અને અભિયાનોની જાહેરાતો વચ્ચે જન્મ-મરણ નોંધણી જેવી મહત્વપૂર્ણ કચેરીની આ દયનીય સ્થિતિ અનેક સવાલો ઊભા કરી રહી છે.

સ્થાનિકોમાં ચર્ચા છે કે સ્વચ્છતા અભિયાનના નામે માત્ર ફોટોસેશન અને દેખાવ પૂરતી કામગીરી થઈ રહી છે, જ્યારે વાસ્તવિક સ્થિતિ સરકારી દાવાઓથી એકદમ વિપરીત છે. નાગરિકો હવે માંગ કરી રહ્યા છે કે જવાબદાર અધિકારીઓ સ્થળની મુલાકાત લઈને તાત્કાલિક સફાઈ કરાવે અને કચેરીની આસપાસ નિયમિત સ્વચ્છતા જાળવવાની વ્યવસ્થા કરે.

હાલ તો જામનગર મહાનગરપાલિકાની જન્મ-મરણ નોંધણી કચેરીનું દ્રશ્ય જોઈને એવું જ લાગી રહ્યું છે કે સ્વચ્છતા અભિયાનના સૂત્રો દિવાલો પર તો લખાયેલા છે, પરંતુ તેનો અમલ જમીન પર ક્યાંય જોવા મળતો નથી. સ્વચ્છતાના દાવાઓ વચ્ચે કચેરીની ગંદકી તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઉભા કરી રહી છે.

### ઝૂંપડા આગની ચપેટમાં

(પાના નં. ૧ થી આગળ)

ફાઈટરની ગાડીઓ અને પાણીના મોટા ટેન્કરો રવાના કરી દેવામાં આવ્યા હતા. ફાયર ફાઈટરોના જવાનો દ્વારા અત્યારે યુદ્ધના ધોરણે આગ પર કાબૂ મેળવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી અને ભારે જહેમત બાદ હવે આગ પર મહદંશે કાબૂ મેળવી લેવામાં આવ્યો છે.

સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, આ અસરગ્રસ્ત વિસ્તારમાં ગરીબ અને શ્રમિક પરિવારોના અંદાજે ૨૦૦ જેટલા ઝૂંપડાં આવેલા છે. આ શ્રમિકો દિવસ-રાત મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. કમનસીબે, આ ૨૦૦ ઝૂંપડાંઓમાંથી આશરે ૬૦થી વધુ ઝૂંપડાંઓમાં આગ લાગી ચૂકી છે. ઝૂંપડાંઓ બનાવવામાં સુકા વાંસ, પ્લાસ્ટિકની તાડપત્રીઓ અને અન્ય જ્વલનશીલ ઘરવખરીના સામાનનો ઉપયોગ થયો હોવાના કારણે આગે અત્યંત રૌદ્ર અને ભયાનક સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ ભીષણ અગ્નિકાંડના લીધે ઝૂંપડાંની અંદર રાખેલો ગરીબ પરિવારોનો તમામ ઘરવખરીનો સામાન, અનાજ અને જીવનજરૂરી ચીજવસ્તુઓ બળીને ખાખ થઈ ગઈ છે. આ ઘટનાની જાણ થતાં જ અમદાવાદના મેયર હિતેશ બારોટ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે પરિસ્થિતિની ગંભીરતાનો તાગ મેળવ્યો હતો અને રાહત કામગીરીનું જાતે નિરીક્ષણ કર્યું હતું. ઘટનાસ્થળે પહોંચીને મેયર હિતેશ બારોટે મીડિયા સમક્ષ એક મહત્વનું નિવેદન આપ્યું હતું.

''ઝૂંપડામાં કોઈ એક જગ્યાએ અચાનક આગ લાગી હશે અને પવન તથા જ્વલનશીલ સામગ્રીના કારણે તે આજુબાજુના અન્ય ઝૂંપડાઓમાં ખૂબ ઝડપથી ફેલાઈ ગઈ હતી. જોકે, રાહતની વાત એ છે કે આટલી મોટી દુર્ઘટના છતાં પણ કોઈ જાનહાનિ થઈ નથી. ફાયર વિભાગની ટીમે તાત્કાલિક મોરચો સંભાળીને આગ પર સંપૂર્ણ રીતે કાબૂ મેળવી લીધો છે.'' અત્યારે ફાયર વિભાગ અને તંત્ર દ્વારા અસરગ્રસ્તોને જરૂરી મદદ પૂરી પાડવા માટેની કવાયત હાથ ધરવામાં આવી રહી છે.

# જામનગરની જી.જી. હોસ્પિટલના નવા બિલ્ડિંગના નિર્માણ કાર્યની ધારાસભ્ય અકબરીએ કરી સમીક્ષા








**સમય સંદેશઃ જામનગર**

જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલ ખાતે ચાલી રહેલા નવા બિલ્ડિંગના નિર્માણ કાર્યની ગઈકાલે શહેરના પદાધિકારીઓ અને તંત્રના આગેવાનો દ્વારા મુલાકાત લઈ સમીક્ષા કરવામાં આવી હતી. આ દરમિયાન સ્થળ પર ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કરી આગામી તબક્કાના કામ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. મુલાકાત દરમિયાન જામનગરના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, મેયર મોનિકાબેન વ્યાસ, ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેનભાઈ મોનાણી, શાસક પક્ષના નેતા અમરભાઈ મોદી, તથા દંડક પ્રવીણાબેન રૂપડીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે જી.જી. હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. વિજય પોપટ અને તબીબોની ટીમ દ્વારા નવા બિલ્ડિંગના નિર્માણ કાર્યની પ્રગતિ, ઉપલબ્ધ સુવિધાઓ તેમજ આગામી આયોજન અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આગેવાનોએ સ્થળ પર ચાલી રહેલા વિવિધ વિભાગોના કામનું નિરીક્ષણ કરી ગુણવત્તા અને સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા અંગે જરૂરી સૂચનો પણ આપ્યા હતા. નવા બિલ્ડિંગનું નિર્માણ પૂર્ણ થયા બાદ જામનગર સહિત સમગ્ર હાલાર પંથકના દર્દીઓને વધુ આધુનિક અને સુવિધાસભર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. સાથે જ હોસ્પિટલના વિસ્તરણથી દર્દીઓની વધતી જરૂરિયાતોને પહોંચી વળવામાં મહત્વપૂર્ણ સહાય મળશે તેવું પણ જણાવાયું હતું.

# જામનગરમાં શ્વાનને નિર્દયતાથી બિલ્ડિંગ નીચે ફેંકી ગંભીર ઈજા પહોંચાડનાર શખ્સ સામે ગુનો નોંધાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના શહેરના કુકડા કેન્દ્ર આવાસ વિસ્તારમાં એક વ્યક્તિએ શ્વાનના પગ પકડી તેને એપાર્ટમેન્ટની ઉપરની માળ પરથી નીચે ફેંકી દીધાની ગંભીર ઘટના સામે આવ્યા બાદ ગઈકાલે જીવદયાપ્રેમીઓ દ્વારા પોલીસ મથકે રજૂઆત કરાયા બાદ પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાર્યવાહી આગળ ધપાવી છે.

આ બનાવના સંદર્ભમાં ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો, અને પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા દાખવનાર સામે પોલીસ ફરિયાદ નોંધાવવા માટે જામનગરના સિટી બી. ડિવિઝન પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. આ બનાવમાં પશુ પ્રેમી એવા ફરિયાદી રજનીકાંત હર્ષદભાઈ ચૌહાણે આરોપી પપ્પુ (રહે કુકડા કેન્દ્ર આવાસ બ્લોક ઇ) સામે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ મુજબ, તેઓ અને તેમની પત્ની પ્રાણી કલ્યાણ સંસ્થા સાથે જોડાયેલા છે. તા. ૮ જૂનના રોજ તેમને વોટ્સએપ ગ્રુપમાં એક વીડિયો મળ્યો હતો, જેમાં એક વ્યક્તિ શ્વાનના પગ પકડી તેને બિલ્ડિંગ પરથી નીચે ફેંકતો દેખાતો હતો. ઘટનાની જાણ થતાં તેઓ કુકડા કેન્દ્ર આવાસ ખાતે પહોંચ્યા હતા, જ્યાંથી શ્વાનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યુ હતું. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે ઘાયલ શ્વાનને સારવાર માટે ગેલેક્સી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ખાતે લઈ ગયા બાદમાં તેને કે-૯ સેફ એનિમલ વેલફેર સેન્ટરમાં રાખવામાં આવી છે, જ્યાં તેની સારવાર ચાલુ છે.

ફરિયાદમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે આરોપી અગાઉ પણ કુતરીના બચ્ચાં સાથે મારપીટ કરી ચૂકયો છે. ફરિયાદના આધારે પોલીસે કુકડા કેન્દ્ર આવાસના બ્લોક-ઈમાં રહેતા 'પપુ' તરીકે ઓળખાતા વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ દ્વારા વીડિયો, સાક્ષીઓના નિવેદનો અને અન્ય પુરાવાઓના આધારે તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

# જામનગરમાં આધુનિક ઈલેક્ટ્રિક સીટી બસ સેવાનો ટૂંક સમયમાં પ્રારંભ

## ર હાપા રેલવે સ્ટેશનથી ગાંધીનગર રેલવે સ્ટેશન વચ્ચે ટ્રાયલ રન શરૂ, નાગરિકોને મળશે આરામદાયક મુસાફરીની સુવિધા

**સમય સંદેશઃ જામનગર**




જામનગર શહેરના જાહેર પરિવહન ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ પગલું ભરતા જામનગર મહાનગરપાલિકા અને જામનગર જનમાર્ગ ફાઉન્ડેશન દ્વારા પી.એમ. ઈ-બસ સેવાનો પ્રારંભ કરવામાં આવનાર છે. નવી આધુનિક ઈલેક્ટ્રિક સીટી બસ સેવા શરૂ થાય તે પહેલાં હાલ શહેરના વિવિધ રૂટ પર ટ્રાયલ રન હાથ ધરવામાં આવી રહ્યો છે. હાપા રેલવે સ્ટેશનથી ગાંધીનગર રેલવે સ્ટેશન વચ્ચે ઈલેક્ટ્રિક બસનો ટેસ્ટ રન કરવામાં આવ્યો હતો. ટ્રાયલ દરમિયાન બસના રૂટ, સમયપત્રક, બસ સ્ટોપ, ટ્રાફિકની સ્થિતિ તેમજ મુસાફરોને મળનારી સુવિધાઓનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. સાથે જ સમગ્ર બસ નેટવર્કનું અસરકારક સંચાલન થઈ શકે તે માટે જરૂરી પરીક્ષણ પણ હાથ ધરવામાં આવી રહ્યું છે. જામનગર મહાનગર પાલિકાના જણાવ્યા મુજબ નવી ઈલેક્ટ્રિક બસ સેવા શહેરના જાહેર પરિવહનને વધુ સુવિધાસભર અને આધુનિક બનાવશે. ઈલેક્ટ્રિક બસો શરૂ થતાં નાગરિકોને સુરક્ષિત, આરામદાયક અને સસ્તી મુસાફરીનો વિકલ્પ મળશે. ઉપરાંત ડીઝલ આધારિત વાહનોની સરખામણીએ ઈલેક્ટ્રિક બસો પર્યાવરણને અનુકૂળ હોવાથી વાયુ પ્રદૂષણમાં ઘટાડો કરવામાં પણ મહત્વની ભૂમિકા ભજવશે.

# જામનગરમાંથી ૧૪ વર્ષ પહેલાં ગુમ થયેલા બાળકને પોલીસે શોધી પરિવાર સાથે મિલાપ કરાવ્યો




**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વર્ષ ૨૦૧૨માં ગુમ થયેલા બાળકને જામનગર એલ.સી.બી.ની પેરોલ-ફર્લો સ્ક્વોડે શોધી કાઢી તેના પરિવાર સાથે મિલાપ કરાવ્યો છે.

પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૨માં પ્રદીપ કારાભાઈ વાઘ (તે સમયે ઉ.વ. ૮ વર્ષ) ગુમ થયાની નોંધ કરવામાં આવી હતી. બાળક પોતાના ઘરેથી કોઈને જાણ કર્યા વગર નીકળી ગયો હતો. ત્યારથી તેની શોધખોળ ચાલી રહી હતી. રાજકોટ રેન્જના પોલીસ અધિકારીઓ તથા જામનગર જિલ્લા પોલીસ વડાની સૂચનાના અનુસંધાને લાંબા સમયથી ગુમ થયેલા બાળકો અને વ્યક્તિઓને શોધી કાઢવા માટે એલ.સી.બી.ની પેરોલ-ફર્લો સ્ક્વોડ દ્વારા સતત પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા.

દરમિયાન હ્યુમન સોર્સ અને ટેકનિકલ એનાલિસિસના આધારે તપાસ કરતાં ગુમ થયેલો બાળક હાલ ૨૪ વર્ષનો યુવક બની અમદાવાદ ખાતે એક કુરિયર કંપનીમાં નોકરી કરતો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે યુવકને શોધી કાઢી તેના પિતા કારાભાઈ ગોવિંદભાઈ વાઘ સાથે મિલાપ કરાવ્યો હતો. ૧૪ વર્ષ બાદ પુત્ર મળી આવતા પરિવારજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

આ સમગ્ર કામગીરી એલ.સી.બી.ના પેરોલ-ફર્લો સ્કવોડના ઇન્ચાર્જ પીએસઆઈ એમ.વી. ભાટીયાના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

# જામનગરમાં અજાણ્યા પુરુષની લાશ મળતા ચકચાર

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના વલકેશ્વરી મેન રોડ ઉપર ભર બપોરે એક અજાણ્યા પુરુષની લાશ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં આસપાસના લોકોના ટોળેટોળા સ્થળ પર એકત્રિત થયા હતા.

બનાવની જાણ થતાં સીટી બી ડિવિઝન પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને લાશનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખાતે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી.

મૃતકની ઓળખ અંગે તેમજ મોતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે તપાસ શરૂ કરી છે. હાલમાં પોલીસે અકસ્માત, બીમારી કે અન્ય કોઈ કારણસર મોત થયું છે કે કેમ તે સહિતના તમામ પાસાઓને ધ્યાનમાં રાખી આગળની કાર્યવાહી હાથ ધરી છે.





# જામનગરમાં નદીના પટમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ સામે મહાનગરપાલિકાની કડક કાર્યવાહી

**સમય સંદેશઃ જામનગર**




જામનગર શહેરના વ્હોરાના હજીરા નજીક આવેલી ઐતિહાસિક નાગમતી નદીના પટમાં કેટલાક વ્યક્તિઓ અને હિતચિંતકો દ્વારા ગેરકાયદે રીતે મોટું બુરાણ કરી નાખવામાં આવ્યું હોવાની ગંભીર બાબત સામે આવી હતી. એટલું જ નહીં, ત્યાં રસ્તો બનાવી લેવાયો હતો અને દીવાલનું ચણતર કામ નદીના વહેણને નુક્સાન કરીને ચાલી રહ્યું હતું. આ ગેરકાયદે પ્રવૃત્તિ માટેની તમામ સામગ્રી પણ નદીના પટમાંથી લઈ જવાતી હતી.

અધિકારીઓએ તાકીદે કડક પગલાં લેવાની સૂચના આપતાં મહાનગરપાલિકાનું તંત્ર જામ્યુકોના ઉચ્ચ દબાણકર્તાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. તંત્રની કડક ચેતવણી અને કાયદાકીય કાર્યવાહીના ડરથી, દબાણ કરનારાઓએ મહાનગરપાલિકાના જેસીબી ફરે તે પહેલાં દબાણકર્તાઓએ ખુદ પોતાના જ ખર્ચે મશીનો, જેસીબી અને ડમ્પરો કામે લગાડ્યા છે. નદીના પટમાં જે ગેરકાયદેસર બુરાણ અને રસ્તો બનાવવામાં આવ્યો હતો, તેને હટાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. વરસાદ પહેલા આ રસ્તો દુર કરવો જરૂરી છે, નહીંતર વરસાદમાં આ રસ્તાના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની દહેશત ફેલાયેલી છે

# જામનગરમાં નિર્માણાધિન બાંધકામ સ્થળેથી ૨૦ લાખની વીજચોરીઃ બિલ્ડર સામે ગુન્હો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના રણજીત સાગર રોડ વિસ્તારમાં આવેલી બાંધકામ સાઇટ પર પીજીવીસીએલની ટીમે દરોડા દરમિયાન મોટી વીજચોરી ઝડપી પાડી છે. આ મામલે એક બિલ્ડર સામે વીજચોરીનો ગુનો નોંધવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ, પીજીવીસીએલના નાયબ ઇજનેર મયુર રસીકલાલ કાલરીયાએ નોંધાવેલી ફરિયાદના આધારે વ્રજ વિહાર સોસાયટી પાછળ, કુબેર પાર્ક, શ્લોક હાર્મોની તથા પટેલ બિલ્ડકોનના બાંધકામ સ્થળે તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન સ્થળ પર પીજીવીસીએલનું કોઈ કાયદેસર વીજ જોડાણ ન હોવા છતાં નજીકના ટ્રાન્સફોર્મરના સ્ટડ સાથે બિનઅધિકૃત રીતે જોડાણ કરી વીજ પુરવઠો મેળવી બાંધકામ કાર્યમાં ઉપયોગ કરવામાં આવતો હોવાનું સામે આવ્યું હતું.

તપાસમાં પાર્થ નંદલાલ સંઘાણી દ્વારા બિનઅધિકૃત રીતે વીજળીનો ઉપયોગ કરીને વાણિજ્ય હેતુસર ચાલી રહેલા બાંધકામ કાર્યમાં વીજચોરી કરવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું. પીજીવીસીએલ દ્વારા કરવામાં આવેલા આંકલન મુજબ કુલ રૂ. ૨૦,૭૩,૩૯૩.૮૭ ની વીજચોરી થઈ હોવાનું નોંધાયું છે.

ઉપરાંત ૨૦,૦૦૦નો કમ્પાઉન્ડિંગ ચાર્જ પણ ફટકારવામાં આવ્યો છે. આ બનાવ અંગે વિજ પોલીસ સ્ટેશનમાં વીજ અધિનિયમ-૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. અને વિજ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મંત્રી રિવાબા જાડેજા રાસ-ગરબા રમ્યાઃ જામનગરના ઇન્દ્રેશ્વર મહાદેવ મંદિરે ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લીધો






**સમય સંદેશઃ જામનગર**

રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ જામનગરના ગાંધીનગર વિસ્તારમાં આવેલા ઇન્દ્રેશ્વર મહાદેવ મંદિરે આયોજિત ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપી હતી. પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમમાં તેમણે મહિલાઓ સાથે રાસ-ગરબા રમ્યા હતા. સ્થાનિક મહિલા સત્સંગ મંડળ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં મંત્રી રિવાબા જાડેજાને

અનુ પાના નં.૨ પર

# ખેંગારકા ગામે મહિલા કોંગ્રેસ દ્વારા ગેસના બાટલાના ભાવ વધારા સામે વિરોધ



**સમય સંદેશઃ ધ્રોલ**

ધ્રોલ તાલુકાના ખેંગારકા ગામે જામનગર જિલ્લા મહિલા કોંગ્રસ પ્રમુખ કૃપા બા જાડેજા જિલ્લા સેવા દળ પ્રમુખ રોશન બેન નાઈ ધ્રોલ તાલુકા મહિલા પ્રમુખ રક્ષાબા જાડેજા ધ્રોલ શહેર પ્રમુખ મુમતાજ બેન સહિત કોંગ્રસમહિલા કાર્યકર ની ઉપસ્થિતી માંરાંધણ ગેસ ના બાટલા ના ભાવ વધારા મુદે વિરોધ પ્રદર્શન કરેલ અને ચુલા પર રસોઈ બનાવી ભાવ વધારાનો સખત વિરોધ કરેલ.

# જામનગરમાં આંગણવાડી કાર્યકર્તા બહેનોએ વિવિધ પ્રશ્નોને લઈને રજૂઆત

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં આંગણવાડી કાર્યકર્તા બહેનોએ તેમની વિવિધ માંગણીઓ અને સમસ્યાઓ અંગે સીડીપીઓને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી. કાર્યકર્તા બહેનોએ જણાવ્યું હતું કે આંગણવાડી કેન્દ્રોમાં બાળકો માટે પૌષ્ટિક નાસ્તો અને ભોજન તૈયાર કરવા માટે સરકાર તરફથી એડવાન્સ રકમ આપવામાં આવતી હોય છે પરંતુ છેલ્લા છ મહિનાથી આ રકમ મળતી ન હોવાથી તેમને




આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જેના કારણે પોતાના ખર્ચે વ્યવસ્થા કરવી પડતી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

આ ઉપરાંત આંગણવાડી કાર્યકર્તાઓ પર સતત વધતી જતી કામગીરી અને જવાબદારીઓમાં રાહત આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. સાથે જ મહેનતાણું સમયસર ચૂકવવામાં આવે તેમજ કામગીરી માટે જરૂરી સુવિધાઓ અને સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી રજૂઆત પણ કરવામાં આવી હતી. આંગણવાડી કાર્યકર્તા બહેનોએ તંત્ર સમક્ષ પોતાની માંગણીઓનો વહેલી તકે યોગ્ય ઉકેલ લાવવામાં આવે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

# જામનગરના અંધાશ્રમ આવાસ નજીક અજાણ્યા વૃધ્ધનો મૃત્તદેહ મળ્યો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના અંધાશ્રમ આવાસ નજીક રેલવે બ્રિજ પાસે રેલવે ટ્રેક પરથી એક અજાણ્યા વૃદ્ધનો મૃતદેહ મળી આવતા પોલીસે અકસ્માત મોત અંગે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ તા. ૦૯/૦૬/૨૦૨૬ ના રોજ બપોરે આશરે ૧:૩૦ કલાક પહેલાં કોઈપણ સમયે અંધાશ્રમ આવાસ પાસે રેલવે પોલ નં. ૮૩૦/૧૮ થી ૮૩૦/૨૦ વચ્ચેના રેલવે ટ્રેક ઉપર આશરે ૬૦ વર્ષના અજાણ્યા પુરુષ ટ્રેન અકસ્માતમાં મૃત્યુ પામેલી હાલતમાં મળી આવ્યા હતા. બનાવની જાણ થતાં શહેર ''સી'' ડિવિઝન પોલીસ તથા રેલવે કર્મચારીઓ સ્થળ પર દોડી ગયા હતા. પ્રાથમિક તપાસમાં મૃતક રેલવે ટ્રેન સાથે અથડાતા અકસ્માતે મૃત્યુ પામ્યા હોવાનું સામે આવ્યું છે. મૃતકની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. હાલ પોલીસે

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં વડાપ્રધાનના શાસનને ૧૨ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સફાઈ અભિયાન








તસવીરઃ હિરેન ગાંધી

દેશના વડાપ્રધાન નરેન્દ્રમોદીના ૧૨ વર્ષના શાસનને પૂર્ણ થતા જામનગર શહેરમાં વિશેષ સફાઈ અભિયાન યોજીને વિકાસની યાત્રાને બિરદાવી હતી. રાજયના શિક્ષણમંત્રી રિવાબા જાડેજા, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, મેયર મોનિકાબેન વ્યાસ, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન ધીરેન મોનાણી, કોર્પોરેટરો શહેર સંગઠનના હોદેદારો તેમજ ભાજપના આગેવાનો સફાઈ અભિયાનમાં જોડાયા હતા. આ સફાઈ અભિયાન મીગ કોલોની નજીક આવેલ જંગલેશ્વર મહાદેવના મંદિર તેમજ લાખોટા તળાવ ભાગ-રમાં હાથ ધરવામાં આવ્યું હતું.

# સલાયા નજીક ગેરકાયદેસર ખનીજ ખનન ઝડપાયું

## ૨૬.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જેઃ બે સામે કાર્યવાહીઃ કલ્યાણપુરના ભોગાત વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે થતું માટીનું ખનન ઝડપાયું

**સમય સંદેશઃ સલાયા-કલ્યાણપુર**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી પોલીસ તંત્રએ ગેરકાયદેસર રીતે થતા ખનીજ ખનન તેમજ ખનીજ ચોરી સામે કડક હાથે કાર્યવાહી હાથ ધરી છે.

સર્વેલન્સ સ્થાપના હેડ કોન્સ્ટેબલ ભીખાભાઈ જોગલ અને ઓમ દેવસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે સલાયાથી ગોઈંજ તરફ જતા માર્ગે ઘી નદીના પટમાં આવેલા પ્રથમ કોઝવેના સરકારી ખરાબામાં જેસીબી મશીન વડે ગેરકાયદેસર રીતે મોરમ (માટી) ખસેડી અને તેની નીચેથી પાણી ભરેલા ખાડામાંથી રેતી કાઢી, આ રેતી ડમ્પરમાં ભરીને




લઈ જવામાં આવતી હતી.

આ રીતે ગેરકાયદેસર રીતે સરકારી ખનીજનું વહન કરવાની પ્રવૃત્તિ સામે પોલીસે કરેલી કાર્યવાહીમાં પાણી ભરેલા ખાડાઓમાંથી સારી ગુણવતાની રેતીને જે.સી.બી. મશીન વડે ખનન કરી અને ડમ્પર ટ્રકમાં ભરતા પોલીસે વાહન ચાલકોને રંગે હાથ ઝડપી લીધા હતા. આ પ્રકરણમાં પોલીસે રૂપિયા ૧૫ લાખની કિંમતનું એક જે.સી.બી. મશીન, રૂપિયા દસ લાખની કિંમતનું એક ડમ્પર તથા રૂપિયા ૧ લાખ ૬૦ હજારની કિંમતની ખનન કરેલી ૩૨ ટન જેટલી રેતી મળી કુલ રૂપિયા ૨૬ લાખ ૬૦ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ઉપરાંત પોલીસે જેસીબી મશીનના ચાલક હમીર ભારા સંઘીયા (ઉ.વ. ૨૫, રહે. સોડસલા) અને વેજાણંદ અરજણ ભાચકન (ઉ.વ. ૩૬, રહે. સંજયનગર) નામના બે શખ્સો સામે કાર્યવાહી કરી, આ સમગ્ર પ્રકરણ સંદર્ભે ખાણ ખનીજ વિભાગને રિપોર્ટ કરવામાં આવ્યો છે.

આ સમગ્ર કાર્યવાહી સલાયાના પી.આઈ. જે.એમ. ચાવડા, વિપુલભાઈ એમ. ડાંગર, બોઘાભાઈ કેસરીયા, પીઠાભાઈ જોગલ, ઓમદેવસિંહ જાડેજા, વિપુલભાઈ એસ. ડાંગર, દિલીપભાઈ ખાચર, રાયમલભાઈ વગેરે દ્વારા કરવામાં

અનુ પાના નં.૨ પર

# ટ્રેલર ચાલકે ૨.૨૦ લાખના સળિયા બારોબાર વેંચી માર્યાઃ મેઘપર પોલીસમાં નોંધાઈ ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર નજીક આવ મોટી ખાવડીમાં ખાનગી કંપનીમાં મોકલાયેલા લોખંડના સળિયામાંથી રૂ. ૨.૨૦ લાખના સળિયા રસ્તામાં વેંચી મારી ટ્રેઇલરના ચાલકે ગેરરીતિ કરતા મામલો પોલીસ મથકે આ અંગે મેઘપર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નિયતી એન્જીનીયરીંગ પ્રા.લી. કંપનીમાં નોકરી કરતા નિકેતભાઇ દિપકભાઇ પટેલ (ઉ.વ.૩૩ રહે.મુળ બી-૧૪, આનંદનગર સોસાયટી, ગાયત્રી મંદિર પાસે, મોરા ભાગળ, રાંદેર, સુરત, હાલ સમર્પણ પાર્ક, કાસી ઇન્દ્ર હોટલની સામે) એ વિશ્વાસઘાત મામલે આરોપી ટ્રેઇલર નંબર જીજે-૧૨-બીટી-૨૫૬૫ ના ડ્રાઇવર જુંજારામ લક્ષ્મણરામ (રહે.બાડમેર, રાજસ્થાન) સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવાયા અનુસાર ફરીયાદીની નિયતી એન્જીનીયરીંગ પ્રા.લી. કંપનીને મોટીખાવડી નજીક આવેલી કંપની દ્વારા મોલના કામ માટે લોખંડના ટી.એમ.ટી. સળીયાનુ મટીરીયલ પહોંચાડવા માટેનો કોન્ટ્રાક્ટ આપવામા આવ્યો હતો.

જે મુજબ કોન્ટ્રાક્ટ કંપનીએ ગાંધીધામ (કચ્છ) ખાતે આવેલ એક કંપનીના પ્લાન્ટમાંથી સામખીયારી (કચ્છ) ખાતેના અંજની રોડલાઇન્સ નામના ટ્રાન્સપોર્ટ મારફતે મટીરીયલ મંગાવ્યું હતું. ટ્રાન્સપોર્ટ કંપનીએ ડ્રાઇવર જુંજારામ લક્ષ્મણરામ નામના ટ્રેઈલરના ડ્રાઈવરને ૨૫ એમે.એમ. લોખંડના ૨૪,૭૬૦ કિલો ટી.એમ.ટી.સળીયા ટ્રેઇલર નંબર-જીજે-૧૨-બીટી-૨૫૬૫ મા ભરી તે તમામ લોખંડના સળીયા રીલાયન્સ કંપનીના મોલ પરની સાઇટ ખાતે ખાલી કરવા માટેની. જવાબદારી સોંપવામાં આવી હતી.

આ પૈકી આ કામના આરોપીએ ૩૪૫૫ કિ.ગ્રા. લોખંડના સળીયા કે જેની આશરે કિ.રૂ. ૨,૨૦,૦૦૦ ની ગણાય તે ઓછા પહોંચાડી રસ્તામા કોઇ જગ્યાએ ઉતારી વહેંચી માર્યા હતા. અને પોતના અંગત ફાયદા સારૂ આર્થિક લાભ મેળવવા માટે ટ્રેઇલરમાં ભરેલા લોખંડના સળીયા રસ્તામા કોઇપણ સ્થળે કાઢી ઓળવી જઇ કોન્ટ્રાક્ટ કંપની સાથે વિશ્વાસઘાત કર્યો હતો. જે અંગે ફરિયાદ બાદ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# કાલાવડના સતિયા ગામે બબાલ પ્રકરણના નવ શખ્સોની અટકાયત

**સમય સંદેશઃ કાલાવડ**

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના સતીયા ગામે પ્રેમ સંબંધની બબાલમાં થોડા દિવસ અગાઉ મોડી રાત્રે ફિલ્મી ઢબે હુમલાની ઘટના નોંધાઈ હતી. માથાભારે શખ્સોએ ગામમાં હથિયારો સાથે આતંક મચાવી ગાળો, તોડફોડ અને ધમકીઓ આપતા ભયનો માહોલ સર્જાયો હતો.

દરમિયાન એક યુવતી પર લોખંડના પાઇપ વડે જીવલેણ હુમલો કરવામાં આવતા પોલીસે હત્યાના પ્રયાસ અને રાયોટિંગ સહિતની કલમ હેઠળ ટોળા સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હાલ ૯ આરોપીઓની અટકાયત કરી હોવાનું સામે આવ્યું છે.

કાલાવડના સતીયા ગામે રહેતા મયુર લાલજીભાઈ માલા નામના યુવાને હત્યાનો પ્રયાસ અને રાયોટિંગ મામલે આરોપી ભરત કરણાભાઇ ઝાપડા (રહે લક્ષ્મીપુરગામ તા.કાલાવડ), ઉકા ગોબરભાઇ ગોલતર (રહે. સતીયા), ચકુ રવજીભાઇ ગોલતર (રહે સતીયા), સાહીલ રાતડીયા (રહે. વીરવાવ ગામ), મુન્નો ભરવાડ (વીરવાવ), મચ્છાભાઇ સામતભાઇ ફાંગલીયા (રહે દેવગામ) તેમજ જયદીપ થોભણભાઇ વ (રહે. રાજકોટ) તથા અન્ય ૧૫ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ વેળાએ જાહેર કરેલી વિગતો અનુસાર ફરિયાદીના કુટુંબી ફઇ એવા લાભુબેન ગરચરના દીકરા મહેશભાઇએ વીરવાવ ગામમાં રહેતા સંગ્રામભાઈની દીકરી સાથે પ્રેમ સંબંધ હોવાથી બન્ને સાથે ચાલ્યા ગયા હતા.

આ મામલે આરોપી ભરતે ફરિયાદીને ફોન કરીને કહ્યું કે તમે તૈયાર રહેજો અમે બાજવા માટે તમારા ગામમા આવીએ છીએ અને થોડી વારમાં ફોરવ્હીલર ગાડીઓમાં આશરે પંદરથી વીસ શખ્સો પોતાના હાથમા લોખંડના પાઇપ તથા લાકડના ધોકા સાથે આવી પહોંચ્યા હતા અને ગામા આતંક મચાવ્યો હતો. ફરિયાદીના કુટુંબી બહેન કુંજલબેને આરોપી ભરતને ગાળો બોલવાની ના પાડતા ભરત ઉશ્કેરાઇ ગયો અને લોખંડના પાઇપ વડે કુંજલબેને મારી નાખવાના ઇરાદે માથામાં ભાગે ઘા મરવા જતા કપાળમા ઇજા થઈ અને તેણી ચક્કર આવતા પડી ગઈ હતી. જે અંગેની ફરિયાદ બાદ આ પ્રકરણમાં સંડોવાયેલા ૯ આરોપીઓને પોલીસે પકડી પાડ્યા છે.

# ૩.૮૬ કરોડના અનધિકૃત નાણાના વ્યવહારના આરોપીની જામીન અરજી રદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર પોલીસે ઓપરેશન મ્યુલ હન્ટ અંતર્ગત સાયબર ફ્રોડની રકમ સગેવગે કરવા વપરાતા મ્યુલ એકાઉન્ટ સામેની ચલાવેલી ઝુંબેશ દરમિયાન માર્ચ માસમાં રૂ.૩.૮૬ કરોડના અનઅધિકૃત વ્યવહારો અંગે ઝડપાયેલા નાની માટલી ગામના એકાઉન્ટ ધારકે મુકેલી રેગ્યુલર જામીન અરજી અદાલતે રદ કરી છે.

કેસની વિગતો મુજબ ગત તા.૧૪/૩/૨૬ના રોજ સાયબર ક્રાઈમ વિભાગના કોન્સ્ટેબલ કાળુભાઈ વશરાએ આઈસીજેએસ પોર્ટલ ઉપર દ્વારકાધીશ એન્ટરપ્રાઈઝમાં રૂ.૩ કરોડ ૮૬ લાખ ૭૪,૭૫૬ના અનઅધિકૃત નાણાકીય વ્યવહારો મળી આવવા અંગે નાની માટલી ગામના એકાઉન્ટ ધારક કનૈયાલાલ ખીમજીભાઈ સભાયા, લાખાભાઈ ઝાપડા, રાજકુમાર ઝાપડા, આર્યન જોગાણી અને શૈલેષ મકવાણા વિરૂધ્ધ અગાઉથી ગુનહિત કાવતં રચીને પોતાના નામની પેઢીનું બેન્ક એકાઉન્ટ ઓનલાઈન આર્થિક ગુનાઓના ઠગાઈ માટે આચરવા માટે આપવા તથા લોકો સાથે ઈન્ટરનેટના માધ્યમથી ખોટી ઓળખ ઉભી કરીને કુલ રૂ.૩.૮૬ કરોડ ટ્રાન્સ્ફર કરાવીને આ નાણા સાયબર ફ્રોડના છે, તેવું જાણતા હોવા છતાં સાયબર ગુના આચરતી ગેંગ સાથે મળીને નાણા પોતાના ઉપયોગમાં લઈ સગેવગે કરવા અંગે વિવિધ કલમો હેઠળ ફરિયાદ નોંધાવ્યા બાદ તમામ આરોપીની ધરપકડ થઈ હતી.

આરોપીઓ પૈકીના કનૈયાલાલ ખીમજીભાઈ સભાયાએ સેશન્સ અદાલતમાં જામીન અરજી કરતાં કેસના સરકારી વકીલ રાજેશ કે. વશીયરએ અદાલતને રજુઆત કરી હતી કે, હાલ ઓનલાઈન ઠગાઈનું પ્રમાણ વધી ગયું છે અને આરોપીના ખાતામાં રૂ.૩.૮૭કરોડ જેટલી માતબર રકમના અનઓથોરાઈઝડ ટ્રાન્જેક્શન થયેલા છે. સરકારે આવા સાયબર ક્રાઈમ રોકવા માટે ઓપરેશન મ્યુલ હન્ટ નામનું ઓપરેશન લોન્ચ કર્યું હતું. અરજદારને જામીન આપવામાં આવશે તો તે ભાગી જશે. તેથી તેને જામીન ઉપર છોડી શકાય નહીં. અદાલતે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આરોપી કનૈયાલાલની જામીન અરજી રદ કરતો હુકમ કર્યો છે.

# જામનગર જિલ્લામાં વિકાસના પ્રકલ્પોની ઝાંખી કરાવતી 'પ્રગતિ પથ યાત્રા'નો ભવ્ય પ્રારંભઃ વહીવટી તંત્રનું અનોખું આયોજન

## પ્રથમ ચરણમાં ઐતિહાસિક અને વિકાસાત્મક સ્થળોની મુલાકાતઃ ગાઈડ દ્વારા નાગરિકોને અપાઈ માહિતીઃ બે તબક્કામાં યોજાનારી જનજાગૃતિ યાત્રામાં સાંસદ, ધારાસભ્યો અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિ







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના દૂરોગામી વિઝન, સક્ષમ નેતૃત્વ તથા કેન્દ્ર અને રાજ્ય સરકારના પરસ્પર સહયોગ અને જનભાગીદારીથી ગુજરાતમાં અનેકવિધ શ્રેષ્ઠ પ્રકલ્પો સાકાર થયા છે. વિકાસના આ પ્રકલ્પોથી નાગરિકોને અવગત કરાવવાના ઉદ્દેશ્ય સાથે જામનગર જિલ્લાના ૧૩ જેટલા ઉત્કૃષ્ટ સ્થળોએ તા.૦૮ થી તા.૧૪ જૂન દરમિયાન જિલ્લા કલેકટર શ્રી પી.બી.પંડ્યાના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બે તબક્કામાં 'પ્રગતિ પથ યાત્રા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગત તા.૦૯ જૂનના રોજ જામનગર કલેક્ટર કચેરી ખાતેથી વિવિધ મહાનુભાવોની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં આ યાત્રાનો વિધિવત પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.

પ્રારંભિક ચરણમાં આ યાત્રાએ જામનગર ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિવિધ પ્રખ્યાત અને વિકાસાત્મક સ્થળોની મુલાકાત લીધી હતી. જેમાં ખીજડીયા પક્ષી અભ્યારણ, જાંબુડા સામુહિક આરોગ્ય કેન્દ્ર, પી.એમ.શ્રી શાળા-હડિયાણા, ભાદરા ખાતે આવેલ પ્રાકૃતિક ફાર્મ, ભાદરા સ્વામિનારાયણ મંદિર, ઐતિહાસિક યુદ્ધ ભૂમિ સ્થળ ભૂચરમોરી, હાપા રેલવે સ્ટેશન તથા ઓવરબ્રિજ, ઐતિહાસિક સ્થળ ભૂજીયો કોઠો અને ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી વગેરે સ્થળોનો સમાવેશ થાય છે. મુલાકાત દરમિયાન યાત્રાના સહભાગીઓએ આ તમામ સ્થળોના

અનુ પાના નં.૨ પર

# જામનગર મહાનગર પાલિકા દ્વારા ૨૮ જેટલાં કર્મચારીઓને નોટીસ અપાઈ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા તા.૧ લી જુનથી શહેરના ૧૬ વોર્ડના ૧૧૧૬ બ્લોક્સ બનાવીને દરેક ગણતરીકારને ૨૦૦-૨૦૦ મકાન આવે તે રીતે વસ્તી ગણતરીની કામગીરી સોંપવામાં આવ્યા બાદ તંત્રને કોઈ પણ પ્રકારની જાણ કર્યા વગર રાષ્ટ્રીય કામગીરીમાં હાજર ન થયેલા પચ્ચીસ સરકારી કર્મચારીઓને હુકમનો અનાદર કરવા બદલ નોટીસો આપવામાં આવતાં બેદરકારોમાં ફફડાટ વ્યાપ્યો છે.

તા.૧ના રવિવારથી ડોર-ટું-ડોર વસ્તી ગણતરીની કામગીરી શ કરવાની હતી. પરંતુ કર્મચારીઓ માટે કીટ અને આઈડેન્ટી કાર્ડ ત્રણ દિવસ મોડા આવ્યા હોવાથી ગણતરીકારોએ પોતાની કામગીરીનો વિસ્તાર એટલે કે, બ્લોક વિસ્તાર નિર્ધારિત કર્યો હતો. જે પછી ફોર્મ અને સાહિત્ય સાથે કીટ મળી જતાં કામગીરી શ કરી હતી.

આ રાષ્ટ્રીય કામગીરી માટે નિમાયેલા કર્મચારીઓને વસ્તી ગણતરી કામગીરી શ કરી દેવા માટે ચાર્જ ઓફીસરે તમામને નિમણુંકપત્ર પણ આપ્યા હતા, વારંવાર સુચના અપાઈ હતી. છતાં કેટલાક કર્મચારીઓએ વસ્તી ગણતરીની કામગીરી હજી સુધી શ નહીં કરતાં તા.૮ અને ૯ જુન દરમિયાન કુલ પચ્ચીસ કર્મચારીઓને સરકારી હુકમનો અનાદર કરવા તેમજ ફરજમાં બેદરકારી સબબ વસ્તી ગણતરી ઈન્ડિયાના કાયદા-૧૯૪૮ની કલમ૧૧ મુજબ નોટીસો આપવામાં આવતાં બેદરકાર કર્મચારીઓમાં ફફડાટ વ્યાપ્યો છે.

# જામનગરના ખોડિયાર કોલોની નજીક ડમ્પરની હડફેટે માતા-પુત્રી ઘવાઈ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના શહેરના ખોડિયાર કોલોની રહેતા ધર્મેન્દ્રસિંહ જીલુભા જાડેજાની પત્ની રોહિણીબા જાડેજા પોતાની પુત્રી કાવ્યાનીબાને સાથે લઈ એક્ટિવા નં. જીજે-૧૦-ડીજી-૮૭૦૩ પર સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ તરફ જઈ રહ્યા હતા.


દરમિયાન ખોડીયાર કોલોની સ્થિત રિલાયન્સ પેટ્રોલ પંપ સામે તથા અવધ હોન્ડા શોરૂમ નજીક પહોંચતા પાછળથી આવી રહેલા ડમ્પર નંબર જીજે-૧૦-ટીવાય-૮૬૮૦ ના ચાલકે બેદરકારીપૂર્વક અને વધુ ઝડપે વાહન ચલાવી એક્ટિવાને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતના કારણે રોહિણીબા અને તેમની પુત્રી રોડ પર પટકાયા હતા. અકસ્માતમાં રોહિણીબાને નાક અને આંખના ભાગે ગંભીર ઇજાઓ પહોંચતા ટાંકા લેવા પડ્યા હતા. ઉપરાંત માથાના ભાગે સામાન્ય હેમરેજ તેમજ શરીરે અન્ય ઇજાઓ પણ

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં હૃદયરોગના હુમલાએ વધુ એક માનવ જિંદગીનો લીધો ભોગ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં વધુ એક યુવાનના હાર્ટ એટેકથી થયેલા અકાળ અવસાનના સમાચારથી શોકની લાગણી પ્રસરી છે. શહેરના શાંતિનગર વિસ્તારમાં રહેતા અને મૂળ સમઢીયાળા ગામના વતની અનિરૂદ્ધસિંહ વિરમદેવસિંહ ગોહિલ (ઉંમર ૩૫ વર્ષ)ને ગઈકાલે સાંજે અચાનક છાતીમાં તીવ્ર દુખાવો ઉપડ્યો હતો. પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સારવાર માટે



હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તબીબો દ્વારા જરૂરી સારવાર આપવામાં આવી હોવા છતાં તેમની સ્થિતિમાં સુધારો થયો ન હતો અને સારવાર દરમિયાન તેમનું દુઃખદ અવસાન થયું હતું. યુવાન વયે થયેલા તેમના નિધનથી પરિવારજનો, સ્નેહીજનો તેમજ રાજપૂત સમાજમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. તેમના અકાળ અવસાનના સમાચારથી ઓળખીતા ઓમાં પણ દુઃખની લાગણી ફેલાઈ છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com